# ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્ય મંત્રીના અધ્યક્ષ સ્થાને ખાંભા મુકામે જિલ્લાકક્ષા પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી થશે




## પ્રજાસત્તાક પર્વની ઉજવણી પૂર્વે જિલ્લા કલેક્ટરે આખરી તૈયારીઓનું નિરીક્ષણ કર્યું - પરેડ નિરીક્ષણ, માર્ચ પાસ્ટ, સાંસ્કૃતિક કાર્યક્રમનું રિહર્સલ યોજાયું

અમરેલી:ભારતના ૭૭માં 'પ્રજાસત્તાક પર્વ'ની ઉજવણી – જિલ્લાકક્ષાનો કાર્યક્રમ ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગાના અધ્યક્ષ સ્થાને ચલાલા-ખાંભા રોડ, જીઓ પેટ્રોલ પંપની સામે, ખાંભા મુકામે યોજાનાર છે. આજરોજ જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજે 'પ્રજાસત્તાક પર્વ'ની ઉજવણી પૂર્વે આખરી તૈયારીઓનું નિરીક્ષણ કર્યું હતું. 'પ્રજાસત્તાક પર્વ'ની ઉજવણી પૂર્વે પ્રોટોકોલ મુજબ સમગ્ર કાર્યક્રમનું ક્રમશઃ રિહર્સલ યોજાયું હતું.

રિહર્સલના ભાગરૂપે જિલ્લા કલેક્ટરશ્રીએ પરેડ નિરીક્ષણ કર્યું હતું. સાથે પોલીસ જવાનોની માર્ચ પાસ્ટ પણ યોજાઈ હતી. ઉપરાંત દેશભક્તિ-શૌર્ય-સંસ્કૃતિને પ્રદર્શિત કરતી વિવિધ સાંસ્કૃતિક કૃતિઓની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, ૭૭માં 'પ્રજાસત્તાક પર્વ'ની ઉજવણી નિમિત્તે જિલ્લાની વિવિધ કચેરીઓ દ્વારા આરોગ્ય, પ્રાકૃતિક કૃષિ સહિતના વિષયોની ઝાંખી પ્રસ્તુત કરવામાં આવશે.

ભારતની સૌથી મોટી શક્તિ તેની વિવિધતામાં એકતા છે. ભારતના અનેક સ્વાતંત્ર્યવીરો-વીરાંગનાઓએ દેશની આઝાદીમાં પોતાનું અનન્ય બલિદાન આપ્યું છે. ભારતના બંધારણ ઘડવૈયાઓએ દૂરંદેશી સાથે બંધારણ ઘડતર કરીને દેશને ચોક્કસ દિશા આપી છે. તા. ૨૬મી જાન્યુઆરી,૧૯૫૦ના રોજ ભારતના બંધારણને માન્યતા મળતાંની સાથે જ વિશ્વની સૌથી મોટી અને સમૃદ્ધ લોકશાહી અસ્તિત્વમાં આવી હતી. ભારતનું લેખિત બંધારણ ભારતની લોકશાહીને ગૌરવાંવિત કરી રહ્યું છે. ભારત સતત અને અવિરત વિકાસના નવા આયામો સર કરી રહ્યું છે. આવો, સૌ જિલ્લાકક્ષાની ૭૭માં ગણતંત્ર-પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં સહભાગી બનીને "એક ભારત, શ્રેષ્ઠ ભારત"ની શક્તિને વધુ બળવાન બનાવીએ.

# પૂર્વ સૈનિક, સ્વ.પૂર્વ સૈનિકોના ધર્મપત્નીઓએ WWW.ESM.GUJARAT.GOV.IN વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરવું



અમરેલી: રાજકોટ, મોરબી, અમરેલી જિલ્લામાં વસવાટ કરતા તમામ પૂર્વ સૈનિકો, સ્વ. પૂર્વ સૈનિકોના ધર્મ પત્નીઓને જણાવવાનું કે, ગુજરાત સરકાર દ્વારા સૈનિક કલ્યાણ માટે WWW.ESM.GUJARAT.GOV.IN વેબસાઈટ તૈયાર કરવામાં આવી છે.

આ વેબસાઈટ પર તમામ પૂર્વ સૈનિકો અને સ્વ. પૂર્વ સૈનિકોના ધર્મ પત્નીઓએ રજીસ્ટ્રેશન કરવુ ફરજિયાત છે. કારણ કે, આજથી પહેલા કોઈપણ કામ જેમ કે, પૂર્વ સૈનિક કે સ્વ.પૂર્વ સૈનિકના ધર્મ પત્ની તરીકેનું આઈકાર્ડ, ડિપેન્ડેન્ટનું આઈકાર્ડ, એનઓસી, દીકરી લગ્ન સહાય, આર્તિક સહાય, મરણોત્તર ક્રિયા સહાય વગેરે કરાવવા માટે સૈનિક બોર્ડમાં રૂબરુ જઈને મેન્યુઅલી ફોર્મ ભરીને જમા કરાવાથી થતું હતું, પરંતુ હવેથી આ તમામ કામો ઓનલાઈન થઈ ગયા છે. જો નોંધણી થયેલ હશે તો જ આ કામો ઓનલાઈન કરી શકાશે. રજીસ્ટ્રેશન ઘરેથી કોમ્પ્યુટર કે મોબાઈલ દ્વારા પણ કરી શકાય છે. માર્ગદર્શન માટે ૦૨૮૧-૨૪૭૬૮૨૫ ઉપર કચેરીના કામકાજના સમય દરમિયાન સંપર્ક કરવો તેમ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, રાજકોટની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# SIRનો કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ

## ગીર સોમનાથની ચારેય વિધાનસભામાં ભરાયેલા તમામ ફોર્મ નં. ૭ની સંપૂર્ણ ચકાસણી કરવા માંગ



ગીર સોમનાથ:ગીર સોમનાથ જિલ્લામાં ચાલી રહેલી SIR મતદારયાદી સુધારણા પ્રક્રિયા બાબતે કોંગ્રેસ દ્વારા ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે.આ દરમિયાન મતદારયાદી સુધારણામાં ગોલમાલ બંધ કરો બંધ કરો જેવા સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું.ત્યારબાદ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પુંજા વંશ સાથેના પ્રતિનિધિ મંડળે જિલ્લા કલેક્ટર તથા જિલ્લા ચૂંટણી અધિકારીને રૂબરૂ મળીને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પુંજા વંશે જણાવ્યું હતું કે સમગ્ર રાજ્યમાં જીૈંઇની કામગીરી ચાલી રહી છે, પરંતુ ચૂંટણી પંચની ગાઈડલાઈનના વિરોધમાં કામગીરી થતી હોવાની ગંભીર શંકા છે. BLO દ્વારા મેપિંગ બાદ પ્રાથમિક મતદારયાદી પ્રસિદ્ધ થઈ ચૂકી છે, છતાં છેલ્લા ત્રણ દિવસમાં ચારેય વિધાનસભામાં મોટા પ્રમાણમાં ફોર્મ નં. ૭ ભરાયા હોવાનું જાણવા મળ્યું છે.

તેમના જણાવ્યા અનુસાર, ભાજપના કહેવાતા લોકો દ્વારા તથા પાર્ટીના આયોજનબદ્ધ કાર્યક્રમ મારફતે કોંગ્રેસની વિચારધારા સાથે જોડાયેલા મતદારોના નામ કમી થાય તે હેતુથી એવા લોકોના નામે ફોર્મ ભરાયા છે, જે ગામના નથી અથવા વિદેશમાં રહે છે.

ફોર્મ નં. ૫ અને ૭નો દુરુપયોગ કરીને સાચા મતદારોને મતાધિકારથી વંચિત રાખવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાનો આક્ષેપ તેમણે કર્યો હતો. પરંતુ હજી સુધી તે માહિતી પૂરી પાડવામાં આવી નથી.

તેમણે દહેશત વ્યક્ત કરતાં કહ્યું કે સત્તાધારી પક્ષ દ્વારા વહીવટી તંત્ર અને ચૂંટણી પંચનો દુરુપયોગ કરીને લોકશાહીના મૂળભૂત અધિકાર પર ઘા કરવાની ષડયંત્ર રચાઈ રહ્યું છે.આવેદનપત્ર મારફતે જિલ્લા કોંગ્રેસે માંગણી કરી છે કે ચારેય વિધાનસભામાં ભરાયેલા તમામ ફોર્મ નં. ૭ની સંપૂર્ણ ચકાસણી અને વેરિફિકેશન કરવામાં આવે અને જે મતદારોના નામ ફોટા સાથે મતદારયાદીમાં પ્રસિદ્ધ થયા છે, તેમાંથી એક પણ સાચો મતદાર મતદાનથી વંચિત ન રહે.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખે ચારેય વિધાનસભાના BLOને ચેતવણી આપતાં કહ્યું કે તેઓ ભાજપના દબાણમાં આવ્યા વિના સંપૂર્ણ નિષ્પક્ષ અને સ્વતંત્ર રીતે કામગીરી કરે. કાયદેસર મતદારોના નામ જો બિનજરૂરી રીતે મતદારયાદીમાંથી કમી કરવામાં આવશે તો પુરાવા સાથે કાર્યવાહી કરવામાં આવશે.

# વડનગર-રોણાજ ચોકડી ઓવરબ્રિજની માંગ છતાં નિર્માણ ન કરવામાં આવ્યું



કોડીનાર:કોડીનારના વડનગર-રોણાજ ચોકડીએ છાશવારે અકસ્માતના બનાવો બની રહ્યાં છે છતાં ઓવરબ્રિજનું નિર્માણ કરાયું નથી.ગીર સોમનાથથી ભાવનગર સુધી પસાર થતો નેશનલ હાઈવે કોડીનાર તાલુકા માટે આજે વિકાસનો માર્ગ નહી પરંતુ સતત વધતી બેદરકારી, લોહિયાળ અકસ્માતો અને અસંવેદનશીલ તંત્રનું જીવતું ઉદાહરણ બની ગયો છે.

આ બંને ચોકડીને સુરક્ષિત બનાવવા માટે જરૂરી ઓવરબ્રિજના કામ અંગે જવાબદાર તંત્ર દ્વારા કોઈ ગંભીર પગલું ભરવામાં આવ્યું નથી, જે પ્રત્યે આજે સમગ્ર કોડીનાર તાલુકામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.આ ગંભીર સ્થિતિ સામે આજે કોડીનાર તાલુકાના સરપંચો, સામાજિક કાર્યકરો અને રાજકીય આગેવાનો એકસાથે એક મજબૂત અવાજ બનીને સામે આવ્યા છે.

સિધાજ ગામના સરપંચ ભરતભાઈ ગોહિલ, મિતીયાજ ગામના સરપંચ સુરપાલસિંહ બારડ, ભયાળ ગામના સરપંચ વાલજીભાઈ મકવાણા, આમ આદમી પાર્ટીના હોદેદારો સામતભાઈ વાઢેળ, માનસિંહ મોરી, પ્રવિણભાઈ સેવરા, મેહુલભાઈ ચૌહાણ તથા સિધાજ ગામના સામાજિક કાર્યકર અનિલભાઈ ગોહિલ દ્વારા મામલતદારને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી.

આ આવેદનપત્રમાં માત્ર બે ઓવરબ્રિજની માંગ નહીં પરંતુ વર્ષો થી અવગણાતી જનસુરક્ષાની વ્યથા વ્યક્ત કરવામાં આવી હતી.

સરપંચોએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે વડનગર ચોકડી અને રોણાજ ચોકડી પર અગાઉ અનેક લોકો જીવ ગુમાવી ચૂક્યા છે અને અનેક ગંભીર અકસ્માતોમાં લોકો કાયમી રીતે ઘાયલ થયા છે.

આવેદનમાં વધુમાં જણાવવામાં આવ્યું હતું કે વડનગર ચોકડી અને રોણાજ ચોકડી પર ઓવરબ્રિજ બનાવવાની માંગ કોઈ નવી નથી.વર્ષો થી સ્થાનિક લોકો, ગ્રામ પંચાયતો અને સામાજિક આગેવાનો દ્વારા મૌખિક તથા લેખિત રીતે રજૂઆતો કરવામાં આવી છે, છતાં દરેક વખતે આશ્વાસનો સિવાય કંઈ મળ્યું નથી. અને કામગીરી થતી નથી.

ટૂંક સમયમાં ઓવરબ્રિજના કામની સ્પષ્ટ સમયરેખા જાહેર નહી કરવામાં આવે તો આવનાર દિવસોમાં નેશનલ હાઈવે પર રસ્તા ચક્કાજામ કરી ઉગ્ર આંદોલન કરવામાં આવશે, જેની સંપૂર્ણ જવાબદારી પ્રશાસન અને સંબંધિત વિભાગોની રહેશે.

# નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે:રાજ્ય સરકારની દરકાર : દીકરીઓની ઉજ્જવળ આવતીકાલ

## 'વ્હાલી દીકરી' યોજનાની માહિતી છેવાડાના લોકો સુધી પહોંચાડવા ૨૫ ફેબ્રુઆરી સુધી ખાસ ઝુંબેશનું આયોજન

જાન્યુઆરી - ભારતભરમાં દર વર્ષે ૨૪ જાન્યુઆરીના રોજ 'નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે'ની ઉજવણી કરવામાં આવે છે, જેનો મુખ્ય ઉદ્દેશ સમાજમાં દીકરીઓના અધિકારો પ્રત્યે જાગૃતિ લાવવી અને તેમને સમાન તકો પૂરી પાડવાનો છે. ગુજરાત સરકાર હંમેશા કન્યા કેળવણી અને મહિલા સશક્તિકરણના ક્ષેત્રે અગ્રેસર રહી છે. રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગે દીકરીઓના જન્મદરને વધારવા તેમજ તેઓના શિક્ષણ અને ભવિષ્યને સુરક્ષિત કરવાના મક્કમ નિર્ધાર સાથે ૦૨ ઓગસ્ટ, ૨૦૧૯થી 'વ્હાલી દીકરી' યોજના અમલમાં મૂકી છે.

'વ્હાલી દીકરી' યોજનાનો હેતુ દીકરીના જન્મને પ્રોત્સાહન આપવા, સ્ત્રીભ્રુણ હત્યા અટકાવવા, કન્યા શિક્ષણને ઉત્તેજન આપી ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા અને બાળલગ્ન જેવી કુરીતિઓ નાબૂદ કરી દીકરીઓનું સામાજિક સશક્તિકરણ કરવાનો છે. રાજકોટ જિલ્લાના શહેર વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારમાં 'વ્હાલી દીકરી' યોજનાની માહિતી છેવાડાના લોકો સુધી પહોંચે, તે માટે ગત તા. ૧૨ જાન્યુઆરીથી આગામી તા. ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી વિશેષ ઝુંબેશ ચલાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજકોટ જિલ્લા મહિલા અને બાળ અધિકારી શ્રી જનકસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, જાન્યુઆરીથી ડિસેમ્બર, ૨૦૨૫ એટલે કે ગયા વર્ષે આશરે ૪,૨૦૦ જેટલી દીકરીઓને 'વ્હાલી દીકરી' યોજનાનો લાભ પ્રાપ્ત થયો છે. આ વર્ષે પણ વધુમાં વધુ દીકરીઓ આ યોજનાનો લાભ લે, તે આશયથી આયોજિત ઝુંબેશ હેઠળ પોષણ ટ્રેકર પોર્ટલ મારફત છેલ્લા એક વર્ષમાં જન્મેલી દીકરીઓની યાદી મેળવીને દરેક ગામ દીઠ આંગણવાડી કે ગ્રામ પંચાયત ખાતે કેમ્પ યોજવામાં આવે છે.

આ કેમ્પમાં લગ્ન નોંધણી, આધાર નોંધણી કે આવકના દાખલા જેવા ખૂટતા ડોક્યુમેન્ટ્સ કઢાવવા માટે સંલગ્ન વિભાગો સાથે સંકલન કરવામાં આવે છે અને સંપૂર્ણ ડોક્યુમેન્ટ ધરાવતા લાભાર્થીઓના ફોર્મ સ્થળ પર જ ભરાવવામાં આવે છે. તેમજ 'વ્હાલી દીકરી' યોજનાનો લાભ લેવા અથવા વધુ વિગત મેળવવા માટે નજીકના આંગણવાડી કેન્દ્ર, મામલતદાર કચેરી, ગ્રામ પંચાયત અથવા



જિલ્લા મહિલા અને બાળ કચેરીનો સંપર્ક કરવા અનુરોધ છે.

આ ઉપરાંત, 'નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે'ની ઉજવણીના ભાગરૂપે રાજકોટ જિલ્લામાં તા. ૨૧ જાન્યુઆરીથી તા. ૨૪ જાન્યુઆરી સુધી 'વ્હાલી દીકરી' યોજના અંતર્ગત સહાયના હુકમ અને 'બેટી બચાઓ, બેટી પઢાઓ' યોજના હેઠળ વધામણા કિટ વિતરણનું આયોજન કરાયું છે. જે અન્વયે તા. ૨૧એ કોટડાસાંગાણીના વેરાવળ (શાપર) ખાતે ધારાસભ્ય શ્રી ભાનુબેન બાબરીયાના હસ્તે ૮૧ લાભાર્થીઓને રૂ. ૮૯.૧૦ લાખના પ્રથમ હપ્તાની મંજૂરીના હુકમો અને ૩૫ માતાઓને દીકરી વધામણાં કિટ તેમજ તા. ૨૨એ સંકલિત બાળ યોજના કચેરી, જામકંડોરણા ખાતે આઇ.સી.ડી.એસ. ચેરમેન શ્રી કંચનબેન બગડાની ઉપસ્થિતિમાં ૩૩ લાભાર્થીઓને રૂ. ૩૬.૩૦ લાખની સહાયના હુકમો આપવામાં આવ્યા હતાં.

વધુમાં, તા. ૨૪એ ગોંડલ સિવિલ હોસ્પિટલ ખાતે લાભાર્થીઓને ૧૦૦ હુકમો તથા ૧૫ કિટનું વિતરણ કરીને દીકરીઓના જન્મને વધાવવામાં આવશે. આ રીતે ચાર દિવસમાં ૧૧૪ લાભાર્થીઓને રૂ. ૦૧ કરોડ, ૨૫ લાખ, ૪૦ હજારની સહાયના હુકમો અને ૫૦ દીકરી વધામણાં કિટ વિતરિત કરવામાં આવનારી છે. આમ, 'વ્હાલી દીકરી' યોજના ગુજરાતની દીકરીઓના ઉજ્જવળ ભવિષ્યનું સોપાન બની રહી છે.

**'વ્હાલી દીકરી' યોજના હેઠળ મળવાપાત્ર લાભઃ**

૧. પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે રૂ. ૪૦૦૦,૨. નવમા ધોરણમાં પ્રવેશ વખતે રૂ. ૬૦૦૦,૩. ૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચ શિક્ષણ / લગ્ન સહાય તરીકે રૂ. ૧,૦૦,૦૦૦

**વ્હાલી દીકરી' યોજના હેઠળ અરજી કરવાની પ્રક્રિયાઃ**

- ગ્રામ્ય કક્ષાએઃ ગ્રામ પંચાયતના ઈ-ગ્રામ સેન્ટરમાં વી.સી.ઈ. મારફતે - તાલુકા કક્ષાએઃ તાલુકા મામલતદાર કચેરીમાં ઓપરેટર મારફતે - જિલ્લા કક્ષાએઃ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીમાં ઓપરેટર મારફતે

**'વ્હાલી દીકરી' યોજના હેઠળ લાભાર્થીની પાત્રતાઃ**

- દીકરીના જન્મના એક વર્ષની અંદર અરજી કરેલી હોવી જોઈએ.- દંપતીને પ્રથમ ત્રણ સંતાનો પૈકી તમામ દીકરીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.- અપવાદરૂપ કિસ્સામાં બીજી અને ત્રીજી પ્રસુતિ વખતે કુટુંબમાં એક કરતા વધારે દીકરીઓનો જન્મ થાય અને દંપતીની દીકરીઓની સંખ્યા ત્રણ કરતા વધુ હોય તો પણ તમામ દીકરીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.- દંપતીની સંયુક્ત કુલ વાર્ષિક આવક રૂ. ૨,૦૦,૦૦૦ કે તેથી ઓછી હોવી જોઈએ.- દંપતીના પુખ્ત વયે લગ્ન થયેલ હોવા જોઈએ.

# "સામાન્ય લોકોની ઉદારતાની અસરો અસામાન્ય હોય છે !"

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલીઃ અમરેલીમાં ચાલતી અનુકંપા ફાઉન્ડેશન નામની સંસ્થા દ્વારા સિનિયર સીટીઝનો માટે સોમનાથ-દ્વારકાની યાત્રાનું અવાર નવાર વિનામૂલ્યે આયોજન થાય છે. ત્યારે આ અનુકંપા ફાઉન્ડેશન નામની સંસ્થાના સ્થાપક ડૉ. ભરત કાનાબાર આજે બપોરે પોતાની ક્લિનિકના કન્સલ્ટિંગ રૂમમાં હતાં. ત્યારે અચાનક એક મોટી ઉંમરના બહેન ત્યાં આવેલ અને કહે કે, " સાહેબ, હું તમારી સંસ્થા દ્વારા સિનિયર સીટીઝનો માટે થતી સોમનાથ-દ્વારકાની યાત્રામાં જઈ આવી છું. આ બહેને આગળ જણાવતાં કહ્યું કે, મને થયું કે "જાત્રા મફત ના કરાય" એટલે તમારી આ સંસ્થાને ફૂલ નહિ તો ફૂલની પાંખડી સ્વરૂપે મારી શક્તિ મુજબ એક હજાર રૂપિયાનો ફાળો દેવા આવી છું."

ત્યારે આ સંસ્થાના સ્થાપક ડૉ. ભરત કાનાબારે આ બેનને કહ્યું કે, અમારી સંસ્થાને આ યાત્રાના ખર્ચ માટે દાતાઓ તરફથી મદદ મળે છે. અને વડીલોને નિઃશુલ્ક યાત્રા કરાવવાનો અમારો સંકલ્પ છે. એટલે તમારો ફાળો લેઈ શકાય નહી. પણ આખરે આ બહેનનો અતિ આગ્રહને કારણે તેમનો ફાળો સંસ્થાએ સ્વીકારવો પડ્યો હતો.

આ અંગે ડૉ કાનાબારે જણાવ્યું હતું કે, તેઓએ આ બહેનને ઘણી વખત અમરેલીની માર્કેટમાં સાયકલ પર બંને બાજુ મોટા થેલા લટકાવી સાયકલ હાથેથી દોરીને ચાલતા જતા જોયેલા છે. વધુ પૂછતાં ખબર પડી કે આ બહેન છેલ્લા ૩૩ વર્ષથી પ્લાસ્ટિકની કેરી બેગ્સ દુકાને દુકાને જઈ વેચવાનું કામ કરે છે.

આ બહેન આવ્યા ત્યારે ઓફિસમાં જોગાનુજોગ અનુકંપા ફાઉન્ડેશન સાથે સંકળાયેલા ત્રણ -ચાર મિત્રો બેઠા હતા. અમારા બધાના મનમાં એ વિચાર ચાલતો હતો કે, સંસ્થાને આવા સેવાકાર્યો માટે અનેક સાધન સંપન્ન દાતાઓ દ્વારા મળતા હજારો રૂપિયાના દાન કરતા એક સામાન્ય પરિવારમાંથી આવતા આ બહેનનો એક હજાર રૂપિયાનો ફાળો ખુબ મોટો છે.

# "દીકરી દેવો ભવઃ" ૨૪ જાન્યુઆરી, "રાષ્ટ્રીય બાલિકા દિવસ"

દર વર્ષે ૨૪ જાન્યુઆરીનાં દિવસને "રાષ્ટ્રીય બાલિકા દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ ઉજવવાની શરૂઆત ૨૦૦૮માં મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે કરી હતી. રાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી પાછળનો ઉદ્દેશ ભારતની છોકરીઓને સહાય અને તકો પૂરા પાડવા, બાળકીનાં અધિકારો વિશે જાગરૂતતા લાવવા અને બાળ શિક્ષણના મહત્વ, તેમના આરોગ્ય અને પોષણ અંગે જાગૃતિ લાવવાનો છે. સમાજમાં લૈંગિક અસમાનતા, સ્ત્રી ભ્રૂણહત્યા, જાતીય દુરવ્યવહાર જેવા મુદ્દાઓ આજે જાણે સામાન્ય બની ગયા છે. આ બાબતે સમાજમાં જાગૃતિ લાવવાની અને બાળકોને યોગ્ય શિક્ષણ આપવાની જરૂરિયાત વધી છે. આ તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને યોગ્ય પગલા લેવા જરૂરી બની જાય છે. એક તરફ દીકરીઓને આગળ વધારવાની ચર્ચાઓ થઈ રહી છે અને બીજી તરફ મહિલાઓ સાથે જોડાયેલા ગુનાઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે જે સમાજ માટે ખરેખર શરમજનક બાબત છે. દેશમાં દીકરીઓ પ્રત્યેની જુદી જુદી માનસિકતાએ સમાજ તેમજ દીકરીઓના આત્મવિશ્વાસને પડકાર્યો છે. આ દિવસ મુખ્યત્વે તેમના અસ્તિત્વ, શિક્ષણ, આરોગ્ય, વિકાસ, સુરક્ષા જેવા મુદ્દાઓ પર સમાજમાં જાગૃતિ લાવવાનો છે. સરકાર દ્વારા મહિલા




સશક્તિકરણ માટે વિવિધ અભિયાન બેટી બચાવો, બેટી પઢાઓ, વન સ્ટોપ સેન્ટર યોજના, મહિલા હેલ્પલાઈન, ઉજ્જવલા, વર્કિંગ વુમન હાઉસિંગ યોજના, સ્વાધર ગૃહ યોજના, રાજ્ય મહિલા સન્માન, જિલ્લા મહિલા સન્માન, સ્ત્રી શક્તિ પુરસ્કાર, નિર્ભયા, મહિલા શક્તિ કેન્દ્ર, મહિલા પોલીસ સ્વયંસેવક, મહિલા અભયમ હેલ્પલાઈન ચલાવવામાં આવે છે. ઉપરાંત દેશભરમાં છોકરીઓ માટે ચાલતી યોજનાઓ જેવી કે ભારત સરકારનાં મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા ધન લક્ષ્મી યોજના, કર્ણાટકમાં ભાગ્યલક્ષ્મી યોજના, મધ્યપ્રદેશ, દિલ્લી અને હરિયાણામાં લાડલી લક્ષ્મી યોજના, આંધ્રપ્રદેશમાં બાલિકા સુરક્ષા યોજના, પંજાબમાં રક્ષક યોજના, ગુજરાતમાં બાલિકા સમૃદ્ધિ યોજના, હિમાચલ પ્રદેશમાં બેટી હૈ અનમોલ યોજના અને ઈન્દિરા ગાંધી બાળકી સુરક્ષા યોજના, બિહારમાં મુખ્યમંત્રી કન્યા સુરક્ષા યોજના અને મુખ્યમંત્રી કન્યા લગ્ન યોજના, ગુજરાતમાં કુંવરબાઈનું મામેરું યોજના, મધ્યપ્રદેશમાં મુખ્યમંત્રી કન્યાદાન યોજના ચલાવવામાં આવે છે. જે જરૂરિયાતમંદ બાળકીઓ માટે ખરેખર સહાયરૂપ બન્યું છે.સ્ત્રી ભ્રૂણહત્યાની સામે સરકારે ગર્ભાવસ્થા દરમિયાન લિંગ પરીક્ષણ પર સરકારે પ્રતિબંધ મુક્યો અને દીકરીઓને આગળ વધવા માટે બાળવિવાહ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો વળી હાલમાં જ છોકરીઓની લગ્ન કરવા માટેની ઉંમર પણ ૧૮ ને બદલે છોકરાઓની જેમ જ ૨૧ કરાઈ છે. જે પણ સમાનતા અને છોકરીઓને પણ ભણવાની કે કરિયર બનાવવાની પુરતી તકો મળે તે માટે સરાહનીય પગલું છે. આ તમામ બાબતો સૂચવે છે કે જેટલા પ્રયત્નો સરકાર તરફથી આ દિશામાં થવા જોઈએ એટલા તો થાય જ છે. હવે જો કોઈને જાગૃત થવાની જરૂર છે તો એ સમાજને જાગૃત થવાની જરૂર છે. લોકોએ પોતાના વિચાર અને આચાર બદલવાની જરૂર છે તો અને તો જ આ દિશામાં સુધારા લાવી શકાશે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)